ADVANCED SUBSIDIARY GCE

# GUJARATI

F883

Listening, Reading and Writing 1

**SPECIAL SHEET**

**Monday 16 May 2011**
**Morning**

**Duration:** 2 hours 30 minutes

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Section B.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **4** pages. Any blank pages are indicated.

**INSTRUCTION TO EXAMS OFFICER / INVIGILATOR**

- Do not send this insert for marking; it should be retained in the centre or destroyed.

© OCR 2011 [H/500/8403] OCR is an exempt Charity
DC (SLM) 29570/3

## Section B: Reading and Writing

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

### આરામ અને મનોરંજન

**દિપેન:** એક પુસ્તક વાંચતાં દિવસો નીકળી જાય અને કોઈ વાર તેમાં એટલાં બધાં લાંબા વર્ણનો હોય કે આપણે થાકી જઈએ. નાટકો જોવા મોંઘી ટિકિટ લેવી પડે અને સિનેમામાં પહોંચવા બસ કે ગાડી લેવી પડે. એટલે મને તો ભઈ, ઘરમાં જ ચલચિત્રો જોવાં ગમે. નિશાળે આવતાં – જતાં ડી.વી.ડી. લઈ આવું અને મન થાય ત્યારે કાચરીનું પડીકું અને રસનો પ્યાલો ભરીને એકલો જ તે જોવા બેસી જાઉં.

**રાજુલ:** હા દિપેન, એ વાત સાચી છે કે ડી.વી.ડી. ઘરમાં ગમે ત્યારે જોઈ શકાય પણ એમ એકલાં એકલાં સરસ ચલચિત્ર જોવામાં શી મજા? હું હંમેશાં મારા ભાઈબહેનો અગર તો મિત્રો સાથે જ ડી.વી.ડી.ના ચલચિત્રો જોઉં. ગંભીર દૃશ્યો આવે તે ગંભીરતાથી નિહાળીએ અને હળવા દૃશ્યો વખતે થોડી મસ્તી મજાક કરીને આનંદ માણીએ.

**સૈયદ:** રાજુલ હું પણ સિનેમામાં ચલચિત્ર જોવા જાઉં તો મિત્રો કે કુટુંબીજનો સાથે હોય જ. આપણે સાથે બહાર ફરવા નીકળ્યા હોઈએ એવું લાગે. ભલે સિનેમામાં મસ્તી તોફાન ન કરી શકાય પણ ત્યાં કોઈ પણ જાતની ખલેલ વગર આરામથી ચિત્ર જોવાય. ઘેર તો બારણાંની કે ફોનની ઘંટડી વાગે એટલે ચિત્રને પડતું મૂકવું જ પડે.

**અમી:** હું ચલચિત્રો કદી નથી જોતી એવું તો નથી પણ મને પલંગમાં લેટીને કે ઘરના શાંત ખૂણામાં બેસીને નવલકથાના પાત્રોમાં ખોવાઈ જવામાં અનેરો આનંદ મળે છે. ઘણી વાર ચલચિત્રોમાં વાર્તાને ટૂંકી કરી નાખવામાં આવે છે. પુસ્તકોમાં તો પૂરી માહિતી હોય. પુસ્તક લઈને કોઈ પણ જગ્યાએ બસ આનંદથી વાંચતા રહો.

**સકીના:** પુસ્તકો ઘરમાં, બાગમાં, વાહનમાં કે રાહ જોતી વખતે પણ વાંચી શકાય એ સાચી અને સારી વાત છે. જો કે મને તો નાટકો જોવાં વધારે ગમે. આપણી સામે જીવતા જાગતા લોકોની રજૂઆત ખરેખર રોમાંચક લાગે. એની ટિકિટ મોંઘી હોય એટલે મારા શનિરવિના કામના પૈસા બીજે ક્યાંય ન વાપરતાં નાટક જોવા માટે વાપરું.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

## નિકુંજની નવી મા

નિકુંજ હજુ એક વર્ષનો પણ નહોતો થયો ત્યારે, હૃદયની બીમારીને કારણે, બે દિવસનો ખાટલો ભોગવીને તેની માતાએ આ દુનિયા છોડી હતી. ત્યારથી નિકુંજનાં દાદી, રતનબા જ તેની ભૂખ – તરસ ભાંગતાં, તેનું નહાવા – ધોવાનું સાચવતાં અને તે રડે તો તરત જ ખોળામાં બેસાડતાં. નિકુંજનાં બાપુ તો દુકાનના કામમાંથી બહુ થોડો સમય દીકરા માટે ફાળવી શકતા.

નિકુંજ ચૌદ વર્ષનો થયો તે પછી એક દિવસ નિકુંજના બાપુ અને દાદીમા તેનાં દૂર રહેતાં એક વિધવા કાકીને મળવા ગયાં. ત્યાંથી આવ્યાં તે પછી તેઓ બંને વચ્ચે અવારનવાર ધીમે ધીમે વાતો થતી. તેઓ જે ઓરડામાં હોય ત્યાં નિકુંજ આવતો કે તરત જ તેઓ શાંત થઈ જતાં. તેમના આ વર્તનથી નિકુંજના મનમાં શંકા – કુશંકા થવા લાગી. તે નિશાળે જતો ત્યારે ભાઈબંધો પોતપોતાના ઘરમાં સાંભળેલી વાતો નિકુંજને કરતા. "નિકુંજ, તારા બાપુ તારાં કાકીને પરણશે એટલે તારે નવી મા આવશે. હવે તને પેટ ભરીને ખાવા નહિ મળે, આખો વખત તેનાં ચિંધેલાં કામ કરવાં પડશે અને તારું ભણવાનું પણ બંધ થશે." નિકુંજ ગભરાઈ ઊઠતો.

એક દિવસે તેણે દાદીમાને નવી મા વિશે પૂછ્યું તો તેમણે પ્રેમથી કહ્યું, "બેટા, તું દુખી થઈશ એવું માનીને તારા બાપુ તો ફરી પરણવા માગતા જ ન હતા. પણ તારાં વિધવા કાકીને તેમનું કુટુંબ કેટલું દુખ આપે છે તે જોઈને તેઓ કાકી સાથે પરણવા તૈયાર થયા છે." નિકુંજ કંઈક સમજ્યો પણ તેના મનમાં ભય તો રહી જ ગયો.

રોજ તો નિકુંજ નિશાળેથી છૂટીને બે વાગે ઘેર પહોંચી જતો પણ બાપુ નવી માને લઈને આવવાના હતા તે દિવસે નિકુંજ ચાર વાગ્યા સુધી નિશાળમાં જ બેસી રહ્યો. તેના મનમાં નવી માનો ભય તાજો થયા કરતો હતો. છેવટે તે ઘેર આવ્યો અને દાદીમાને જોતાં જ તેનું મોં રડું રડું થઈ ગયું. તેની નજર દાદીમાની પાછળ ઊભેલી એક સુંદર ચહેરાવાળી સ્ત્રી ઉપર પડી. તેને જોઈ નિકુંજને થયું, "આની આંખોમાં તો સ્નેહની ગંગા વહે છે અને હોઠ પર કેવું મધુર સ્મીત છે! આ જ નવી મા હશે?" તેણે દાદીમા સામે જોયું તો તેમણે હકારમાં માથું નમાવ્યું. ત્યાં તો એ સ્ત્રીએ નિકુંજને ખુરસી પર બેસવાનું કહ્યું. ઘરમાંથી ઠંડું પાણી લાવીને નિકુંજને આપ્યું. પછી પ્રેમથી પૂછ્યું, "જમવું છે ને? થાળી પીરસું છું. થાક્યો હશે. જમીને પછી આરામ કરજે." નિકુંજને નિશાળના મિત્રોની વાતો યાદ આવી અને તેની આંખો ભરાઈ આવી. ભૂખ તો કકડીને લાગી જ હતી એટલે નિકુંજ નવી માએ પીરસેલી ચિક્કાર થાળી પર તૂટી પડ્યો. નવી મા નિકુંજને સવાલો પૂછતી રહી અને નિકુંજ આનંદથી જવાબ આપતો રહ્યો. દાદીમાનો ચહેરો સંતોષથી છલકાઈ ગયો.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2011

